મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૯ ટકા
ગાંધીનગર તાપમાન

સિવિલમાં છેલ્લા અઠવાડીયાથી આઈસીયુ વોર્ડ હાઉસફુલ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. મેડીકલ કોલેજ બનતા દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો કરાયો છે. જયારે પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓ ઉભરાતી જોવા મળે છે. વર્ષ દરમિયાન લાખો દર્દીઓ સારવાર કરાવે છે. ત્યારે છેલ્લા અઠવાડીયાથી સિવિલનો આઈસીયુ વોર્ડ હાઉસફુલ હાલતમાં છે. અત્યારે હાલના સમયે આઈસીયુ વોર્ડમાં ૧૫ બેડની ક્ષમતા છે ત્યારે હવે અગામી દિવસોમાં ગંભીર દર્દીઓ આવતા બેડની સંખ્યામાં વધારો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા સિવિલને આધુનિક બિલ્ડીંગથી સજ્જ કરી દેવાઈ છે. જેમાં પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગ સહિત તંત્રની ઓફિસો આવેલી છે ત્યારે સિવિલ આધુનિક બનતા દર્દીઓનો ઝોંક વધી રહ્યો છે. ત્યારે સિવિલમાં મેડીસીન, સર્જરી, ગાયનેક, ઈએનટી સહિત કીડનીના રોગથી પિડાતા દર્દીઓની સારવાર થાય છે. હિમોડાયાલીસીસનો પણ અનેક દર્દીને લાભ મળી રહ્યો છે ત્યારે તેની સામે ત્રીજા મજલા પર અદ્યતન આઈસીયુ વોર્ડ સજ્જ છે. જેમાં ક્રીટીકલ દર્દીઓને સારવાર આપવામાં આવે છે. જેમાં જિલ્લામાં માર્ગ અકસ્માતમાં ઈજા પામતા દર્દીઓની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે આઈસીયુ વોર્ડમાં ૧૫ બેડ આવેલા છે, જે છેલ્લા અઠવાડીયાથી હાઉસફુલ છે દર્દીઓથી ઉભરાતા આ વોર્ડના બેડની ક્ષમતા વધારવાની માંગ ઉઠવા પામી છે. હવે તો સ્પેશીયલ રૂમની જેમ આઈસીયુ વોર્ડમાં દર્દીઓને ભરતી કરાવવા માટે પણ ભલામણ કરવી પડે તેવી સ્થિતિ ઉદભવી છે. ત્યારે જિલ્લાકક્ષાની હોસ્પિટલ હોવાથી દર્દીઓનો ધસારો સતત રોજબરોજ વધી રહ્યો છે. જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આગામી સમયમાં મેડીકલ કોલેજમાં પીજી અભ્યાસક્રમ કાર્યરત થયા બાદ સુવિધા અને આરોગ્યલક્ષી સેવામાં છે તેના કરતા પણ વધારો થશે. ત્યારે જિલ્લા બહારના દર્દીઓ પણ મોટી સંખ્યામાં ગાંધીનગર સિવિલનો લાભ લઈ રહ્યા છે.

@ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર અને કીરીટભાઈ શુકલ દ્વારા સિધ્ધેશ્વર મહાદેવ વાવોલ ખાતે હોમાત્મક મહારૂદ્ર યજ્ઞ સવારે ૭.૩૦ કલાકે યોજાશે.

વાતવાતમાં

● શહેરમાં રવિવારે પોલીસ ઈન્સ્પેકટર માટેની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં ઉમેદવારોની ગેરહાજરીની સંખ્યા ઉડીને આંખે વળગે તેવી જણાઈ આવી હતી.

● પીઆઈની પરીક્ષા પૂર્ણ કરીને પોતાના સ્કૂટર પર સે-૬ પોલીસ સ્ટેશન નજીકન આંતરિક માર્ગ પરથી પસાર થઈ રહેલ એક યુવતીને પ્રજાની સુરક્ષા માટે વપરાતી પોલીસની પીસીઆર વાનમાંથી લબરમૂછીયા પોલીસ જવાનોએ સીટી મારતા યુવતી ચોંકી ઉઠી હતી. અને આ અજુગતા બનાવથી યુવતિ હતપ્રભ થઈ જવા પામી હતી.

● દિવાળીના પર્વ પૂર્વેનો રવિવાર હોવાને કારણે શહેરના ફટાકડા બજારમાં પોતાના બાળકો સાથે દારૂખાનાની ખરીદી કરતા નગરજનો મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા. શહેરના એસઆરપી પોલીસ દ્વારા કરાયેલા રાહતદરના ફટાકડાના સ્ટોલ સહિત તમામ ફટાકડાના વેપારીઓને ત્યાં સારી એવી ભીડ જામવા પામી હતી.

૧૨ વર્ષના દિકરાને કેનાલના કિનારે મુકીને માતાએ પડતુ મુકયુ

પિયર ગાંધીનગરથી બાપુનગર સાસરી જવા દિકરાને લઈને નીકળેલી માતા સુઘડ કેનાલ પાસે ખાનગી વાહનમાંથી ઉતરી ગઈ અને અંતિમ પગલું ભર્યું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક સુઘડ નર્મદા કેનાલના કિનારે પોતાના ૧૨ વર્ષના દિકરાને મુકીને માતાએ કોઈ અગમ્ય કારણોસર કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલુ કરી દેતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલિસને ઘટનાની જાણ થતા મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયો છે. પોલીસે આપઘાતનું કારણ બહાર લાવવા ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૩ ખાતે પિયરમાંથી ૩૮ વર્ષીય હેતલબેન પ્રકાશકુમાર ભાવસાર આજે બપોરના અરસામાં તેમના ૧૨ વર્ષના દિકરાને લઈને બાપુનગર સ્થિત તેમની સાસરીમાં જવા નીકળ્યા હતા. ખાનગી શટલીયા વાહનમાં નીકળેલા હેતલબેન સુઘડ કેનાલ આવી એટલે ડ્રાઈવરને ઉભી રાખવા કહ્યું અને દિકરાને લઈને ઉતરી ગયા હતા. ૧૨ વર્ષના દિકરાને કેનાલના કિનારે ઉભો રાખી થોડી વારમાં આવું તેમ કહ્યું અને કેનાલ તરફ જઈ અંદર પડતું મુકી દેતા સન્નાટો છવાઈ ગયો હતો. રાહદારીઓનું ટોળું ભેગું થઈ ગયું અને પોલિસ બોલાવી લેવાતા અડાલજ પોલીસ ઘટના સ્થળે આવી ગઈ હતી. પોલીસે કેનાલમાંથી મૃતદેહ બહાર કઢાવી પીએમ માટે મોકલી પરિવારજનોને જાણ કરી બોલાવી લીધા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. પ્રાથમિક તબક્કે ઘરકંકાસથી કંટાળીને અંતિમ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. જો કે પોલીસ તે દિશામાં તપાસ ચલાવી રહી છે.

બેંક ખાતેદારના ખાતામાંથી રૂ. ૪ હજાર ઉપડી ગયા...!

રૂપિયા કોણ ખંખેરી ગયું હજુ જાણી ન શકનાર બેંક ખાતેદારે એક વર્ષે ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક વાવોલ ગામમાં શાલીન-૨ ખાતે રહેતા દિપકભાઈ કનૈયાલાલ વ્યાસને ઈન્ડસ બેંકમાં ખાતુ છે. ૨૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ તેમના બેંક ખાતામાંથી અચાનક રૂ. ૪ હજાર ઉપડી ગયા હતા. બેંકમાં તપાસ કરી તો કહેવામાં આવ્યું કે તમે કોઈને પીન નંબર આપ્યો હશે કે કોઈ ફ્રેન્ડનો ફોન આવ્યો હશે ને તમે માહિતી આપી હશે...! કોઈને પીન નંબર કે પાસવર્ડ નથી આપ્યો અને કોઈને માહિતી માંગવા ફોન પણ નથી આપ્યો હોવાનો દાવો કરતાં દિપકભાઈએ રૂપિયા કયાં ગયા તેની ઘણી તપાસ કરી પરંતુ કાંઈ જ જાણી ન શકાતા આખરે એક વર્ષે સે-૭ પોલિસ સ્ટેશનમાં છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવી છે. પીએસઆઈ વાઘેલાએ ગુનો દાખલ કરીને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે સહાયક અધ્યાપકો ઉમટી પડયા

સચિવાલય ખાતેથી પોલીસે ૫૦ સહાયક અધ્યાપકોની અટકાયત કરી

ગાંધીનગર, તા.૧૫

પાર્ટ ટાઈમ અધ્યાપકોને વિધાનસભામાં જાહેરાત પ્રમાણે પૂર્ણ સમયમાં કાયમી કરવા, અધ્યાપક સહાયકોને ફાજલ રક્ષણ આપવું, એડહોક અધ્યાપકોની નોકરી સંલગ્ન ગણી પેન્શન સહિતના લાભો આપવા, ગ્રાન્ટેડ કોલેજોમાં ટીચીંગ-નોન ટીચીંગ સ્ટાફની ભરતી કરવી, ફિક્સ પગાર પ્રથા નાબુદ કરવી, ૪૦ વર્ષથી અપાતી ગ્રાન્ટ નિતીમાં સુધારો કરવો, આચાર્યોના બેઝીક પગાર ૪૩૦૦૦ મંજુર કરવો, એપીએલ પધ્ધતિ નાબુદ કરવી, નોન ટીંચીગ સ્ટાફને વાહન ભત્થું આપવું, સહિતના પ્રશ્નોનું નિરાકરણ વર્ષોથી આવતું નથી. ત્યારે આજે સવારે રાજયભરમાંથી અંદાજીત ૭૦૦ થી વધુ સહાયક અધ્યાપકો સચિવાલયના ગેટ પાસે ઉમટી પડયા હતા. ત્યારબાદ પોલીસ આવીને તેઓને સત્યાગ્રહ છાવણી ખાતે મોકલી આપ્યા હતા. જયારે કેટલાક સહાયક અધ્યાપકોએ હોબાળો કરતા ૫૦ થી વધુ અધ્યાપકોની અટકાયત કરી હતી.

ગુજરાત રાજય અધ્યાપક મહામંડળ તથા ઉચ્ચ શિક્ષણ સંલગ્ન અન્ય મંડળો દ્વારા લાંબા સમયથી રાજય સરકાર સમક્ષ ઉચ્ચ શિક્ષણને લગતી માંગણીઓ કરવામાં આવી છે. ગુજરાત રાજય અધ્યાપક મહામંડળ દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા હજુ સુધી નિવેડો આવ્યો નથી. સમગ્ર ગુજરાતની વિવિધ કોલેજમાં ફરજ બજાવતા અધ્યાપકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. આજે સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે મોટી સંખ્યામાં સહાયક અધ્યાપકો એકઠા થયા હતા અને આગામી રણનિતીની ચર્ચા કરી હતી. સત્યાગ્રહ છાવણી ખાતે ૭૦૦ થી વધુ અધ્યાપકો એકઠા થયા હતા. અને તંત્રને આવેદન પત્ર પાઠવી સત્વરે યોગ્ય કરવા રજુઆત કરી હતી. શિક્ષણ જગતની બેવડી નિતીને પગલે અધ્યાપકોમાં નારાજગી પ્રવર્તી રહી છે. સાતમાં પગાર પંચની જાહેરાત બાદ પણ સરકાર દ્વારા અમલીકરણ કરવામાં આવતુ નથી. ત્યારે સરકાર સાતમાં પગાર પંચ આપવાની પણ જાહેરાત કરે તેવી માંગ સહાયક અધ્યાપકોમાં ઉઠવા પામી છે. ત્યારે અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા પણ પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાના મુડમાં સહાયક અધ્યાપકો જણાયા છે.

આઈ લવ માય ગાંધીનગર

નરેન્દ્ર ડી રાવલ

ગાંધીનગર ગમે

નગરજનોની નગર પ્રત્યેની સંવેદનાને કારણે પ્રદૂષણમુક્ત, ૧૦૦% શિક્ષિતો-સ્વચ્છતા-સુંદરતાથી ભરપૂર સુવ્યવસ્થિત નગરને સાચવીને વહેલી સવારે સ્વાસ્થ્ય માટે જાગૃતિની મનોમન મશાલ લઈ ઓક્સિજનનો લાભ લેનાર સ્વસ્થ નગરના શણગારથી શોભતું જાગૃત નગર ખૂબ ગમે છે.

નગરજનો

વહેલી સવારે પક્ષીઓને ચણ-પાણી, ગાયને ઘાસ, કૂતરાંને રોટલા-બિસ્કીટ, જરૂરિયાતમંદોને કપડાં-પગરખાં, શિયાળામાં ધાબળા, ઉનાળામાં છાશ વિતરણ, પુસ્તક પરબો, જ્ઞાન-સંસ્કારની સુવાસ પાથરે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

કલ્ચરના કસબીઓ, કલ્ચરની કણક બાંધનારા કલ્ચરના કલમધારી, કલ્ચરને સાચવનારા-પોષનારા-શણગારતા સુસંસ્કૃત નગરમાં સંસ્કાર-સંસ્કૃતિનો પ્રસાદ વહેંચનારા ખૂબ ગમે છે.

નગરને બહેતર બનાવવા

શહેરને સ્વચ્છ, પ્રદૂષણમુક્ત, દૂષણમુક્ત કરવા માટે શહેરને વ્યનસમુક્ત બનાવવાની આવશ્યકતા મહેસૂસ થઈ રહી છે.

નગર માટે હું કરી શકું

સ્વચ્છતા અને સેવાના સઘળા ઉપક્રમો માટે હું મારી સહાય નગરને આપવા માટે તૈયાર અને તત્પર છું.

વિશિષ્ટ બાળકોના જીવનમાં કેળવણીનો ઉજાસ રેલાવતુ દંપતિ

દેશના વિશિષ્ટ બાળકોને શિક્ષણ આપવા જર્મનીથી પરત ફરેલા આ દંપતિને ગાંધીનગરના ફોરેન રિર્ટનનો સહયોગ પ્રાપ્ત થતા 'વિશેષ' સ્કૂલનો જન્મ થયો

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૧૫

તહેવારોનો ઉમંગ સૌ કોઈના હૈયે હોય છે અને માત્ર તહેવાર જ શુંકામ, દરેક પોતાની સમગ્ર જીંદગીને તહેવારની જેમ ઉજવતી જ હોય છે. જો કે જીંદગીની ખરી મજા તેમાં આવતી મુશ્કેલીઓના કારણે હોય છે. કેમ કે મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી તેને પાર પાડવાનું નામ જ જીંદગી છે. ઈશ્વરે તમામ માનવીને આ માટે અલગ અલગ ક્ષમતા આપી હોય છે, કોઈ માનવી પોતાની ક્ષમતાને ઓળખી શકે છે. જયારે કોઈકને પોતાનામાં રહેલી ક્ષમતાને બહાર લાવવા સમય લાગે છે. બાળપણમાં અક્ષમ જણાતા બાળકો જીવનમાં ખૂબ મોટું કામ કરી જાય છે તેવા ઉદાહરણો આપણી આસપાસ જ મોજુદ હોય છે, માત્ર જરૂર હોય છે આવા બાળકોની ક્ષમતાને ઓળખી તેને વિકસવા યોગ્ય વાતાવરણ પુરું પાડવું. ગાંધીનગરમાં હાલ એક એવું દપંતિ આવા બાળકોના વિકાસ માટે કાર્યરત છે. જેમણે જર્મનીમાં આ ક્ષેત્રે તેમની વિકસતી કારકિર્દીને છોડીને દેશના બાળકોની ક્ષમતા વિકસાવવાનું પસંદ કર્યું છે. અને તેમને આ કાર્ય માટે શહેરમાં અમેરિકાથી પરત આવેલા વ્યવસાયિકની મદદ પ્રાપ્ત થઈ છે.

ગાંધીનગરના અનુપ પરીખ નામના આ વ્યવસાયિક જેઓ ૨૨ વર્ષથી અમેરિકામાં ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે બ્હોળો બિઝનેસ ધરાવતા હતા અને આવા જ કારણોસર વતન પરત ફર્યા છે. તેઓ વ્યવસાયની સાથે જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન નામની સ્વૈચ્છિક સંસ્થા દ્વારા હેલ્થકેર સહિતની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. તેમના બંને સંતાનોમાં મોટી દિકરી રુત્વી જેની ઉંમર ૭ વર્ષની છે તેને બોલવામાં થોડીક તકલીફ અને લર્નિંગ ડિસેબિલીટી ની સમસ્યા હતી જયારે નાનો ૪ વર્ષનો દિકરો સાહિલ હાઈપર એકિટવ હતો. સામાન્ય રીતે આ પ્રકારની તકલીફ અનેક બાળકોમાં હોય છે પરંતુ ભારતમાં મોટે ભાગે વાલીઓ તેને શરૂઆતમાં અવગણે છે અને છેવટે બાળકો મોટા થઈ જાય પછી તેમની સારવાર મુશ્કકેલ બની જાય છે. જો કે અનુપભાઈ આ બાબતે જાગ્રત હોવાથી તેમના બાળકોની ટ્રીટમેન્ટ અમદાવાદમાં એક તબીબને ત્યાં ચાલતી હતી પરંતુ આ બાળકોના શિક્ષણનો પ્રશ્ન તેમને મુંઝવી રહ્યો હતો. એક દિવસ તબીબને ત્યાં તેમની મુલાકાત જર્મનીથી પરત આવેલા એક એવા યુવા ઉપાધ્યાય દંપતિ સાથે થઈ જેઓ માત્ર તેમની સમસ્યાનું સમાધાન જ ના બન્યા પરંતુ તેમાંથી આ પ્રકારના બાળકો માટે એક 'વિશેષ' સંસ્થાનો ઉદભવ પણ થયો.

સાબરકાંઠા-અરવલ્લીના ચોઈલા ગામના ચિરાગ ઉપાધ્યાય જયારે સાયન્સ ગ્રેજયુએટ થયા પછી 'સ્પેશિયલ એજયુકેશન ફોર મેન્ટલી ચેલેન્જડ' ક્ષેત્રમાં ડિપ્લોમાં કરી રહ્યા હતા ત્યારે આ ક્ષેત્રની વિદ્યાર્થીની રાજકોટની કાઠિયાવાડી યુવતિ દિપાલી સાથે તેમને પ્રેમ થયો અને બંને એ લવમેરેજ કર્યા. આ યુગલે તેમના ક્ષેત્રમાં બી.એડ. એટલે કે સ્નાતક પણ પુરું કર્યું અને તેમના ક્ષેત્રમાં ઉપયોગી નિવડે તેવા ઉપકરણો તથા સાધનોના વધુ અભ્યાસ માટે તેઓ સ્ટુડન્ટ વિઝા પર જર્મની ગયા જયાં તેમને અભ્યાસ બાદ સારી જોબ પણ મળી હતી. આ દરમિયાન ચિરાગ શિરડી સાંઈબાબા ગ્લોબલ ટ્રસ્ટ સાથે જોડાઈને આખા યુરોપમાં સાંઈબાબાના મંદિર વિકસાવવામાં કાર્યરત હતા જયારે દિપાલી એક 'ઓલ્ડ કેર' સેન્ટર માટે કાર્યરત હતા. આશરે આઠેક વર્ષના વસવાટ અને એક દિકરાના મા-બાપ બન્યા પછી તેમને લાગ્યું કે તેમનો મુખ્ય ધ્યેય નાની-મોટી ડિસેબિલીટી ધરાવતા બાળકો માટે કાર્યરત થવાનો છે અને તે પણ પોતાના દેશના બાળકો માટે. બસ આ વિચારે તેમણે ભારત પરત પરવાનો નિર્ણય લીધો અને અમદાવાદમાં સ્થાયી થઈ એક તબીબને ત્યાંથી શરૂઆત કરવા પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે તેમની મુલાકાત ગાંધીનગરના અનુપ પરીખ સાથે થઈ જેમણે પોતાના બંને બાળકોને ઘરે આવી ભણાવવા આ દંપતિને રાજી કરી લીધું.

ચિરાગ ઉપાધ્યાય અને દિપાલી ઉપાધ્યાયે રુત્વી અને સાહિલને ઘરે પર્સનલ એજયુકેશન આપવાનું ચાલુ કર્યાના ગણતરીના સમયમાં બંને બાળકોમાં આવેલો ગજબનો તફાવત અને દંપતિના આ પ્રકારના બાળકો માટેની નિષ્ઠા જોઈ અનુપભાઈએ તેમના ટ્રસ્ટ તરફથી આવા બાળકો માટે સ્કુલ ચાલુ કરી આપવાની ઓફર કરી જે આ દંપતિનું સ્વપ્ન હતું. બંને પક્ષે પુરતી નિષ્ઠાને કારણે ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સમઋષિ સોસાયટીના એક મકાનમાં કાર્યરત પ્લેસ્કૂલ સાથે આ સ્કૂલની પણ શરૂઆત થઈ અને હાલ આશરે ૧૪ જેટલા વિવિધ નાની મોટી તકલીફ ધરાવતા બાળકો તેમાં રાહતદરે તાલીમ શિક્ષણ મેળવી રહ્યા છે જેમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, માણસા, વિસનગર સહિતના બાળકોનો સમાવેશ થાય છે. આ સ્કૂલમાં ઓટિઝમ, ભાષા સમજવાની તકલીફ, બહેરાશ-મુંગાપણું, હાઈપર એકિટવ, માનસિક વિશિષ્ટતા તેમજ શીખવાની તકલીફ જેવી મુશ્કેલીઓ ધરાવતા બાળકોને મમતાભર્યું શિક્ષણ વૈજ્ઞાનિક ઢબે અપાય છે અને આ બાળકોના વાલીઓ થોડાક માસમાં જ તેમના બાળકોમાં આવલા પરિવર્તનથી ખૂબ જ ઉત્સાહિત જણાય છે.

બાળકો જે તકલીફ ધરાવતા હોય તેને સમજી દરેક બાળકની જરૂરિયાત મુજબ એક નિશ્ચિત પ્રોગ્રામ તૈયાર કરવામાં આવે છે જેના કારણે આ બાળકની તકલીફ ધીમે ધીમે દૂર થાય છે અને તેનું સામાન્ય બાળકોમાં પુર્નવસન થઈ શકે છે તેથી ઉપાધ્યાય દંપતિ તેમની શાળાને પુર્નવસન કેન્દ્ર કહે છે. તેમનું માનવું છે કે આ પ્રકારની નાની મોટી તકલીફ બાળકમાં કાયમ નથી હોતી બલ્કે કે તેની વિશેષતા હોય છે. તેઓ તેમના શિક્ષણમાં સાત પ્રકારની પધ્ધતિ અપનાવે છે જેમાં સ્નાયુ વિકાસથી માંડીને રોજીંદા જીવનની પ્રવૃત્તિઓ, ભાષા ઓળખ-ગ્રહણ, લખવુ-વાચવું, નંબર-સમજ, સામાજિક અને ઘરગથ્થુ પ્રવૃત્તિઓ તથા પ્રિવોકેશનલ ટ્રેનિંગનો સમાવેશ થાય છે. તેમના વ્હાલભર્યા પધ્ધતિસરના શિક્ષણ જેમાં દરરોજની પ્રવૃત્તિઓથી વાલીઓને અવગત કરાય છે તેના કારણે ઘરમાં બુમો પાડતા, વસ્તુઓ ફેંકતા કે જીદે ચઢતા બાળકો શાંત અને વિવેકી બનવા સાથે અભ્યાસ કરતા થઈ રહ્યા છે. ઉપાધ્યાય દંપતિ કહે છે 'આપણા દેશમાં ભલે કદાચ પૈસા ઓછા મળશે, પરંતુ આ બાળકોના મા-બાપના આર્શિવાદ મળશે તો પણ ઘણું છે.'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

આગામી દિવસોમાં સરકારી કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી રહેશે

ગાંધીનગર, તા.૧૫

દિવાળીના પાવન દિવસોનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે દિવાળીની રજાઓ પણ રાજય સરકારે જાહેર કરી દીધી છે. આગામી તા. ૧૯ થી ૨૨ ઓકટોબર દરમિયાન દિવાળી રજાઓ રહેશે. જયારે કેટલાક કર્મચારીઓ પોતાના માદરે વતન દિવાળી પર્વની ઉજવણી કુટુંબીજનો તેમજ સ્નેહીજનો સાથે કરતા હોવાથી તા.૧૬,૧૭ અને ૧૮ ઓકટોબરની રજા મુકે તો કર્મચારીઓને મીની વેકેશનનો માહોલ થઈ જાય છે.જયારે રજા પર ઉતરેલા કેટલાક કર્મચારીઓ તો ગત્ તા.૧૩ કે ૧૪મીના રોજ ગાંધીનગરથી દિવાળીમાં ઉપડી ગયા છે. જયારે કેટલાક કર્મચારીઓએ આ વેકશનનો લાભ લઈ પાટનગરની બહાર અન્ય સ્થળોએ ફરવા જવા માટે ટુર ગોઠવી દીધી છે. જયારે મીની વેકેશનને પગલે શહેર સુમસામ બની જશે. જયારે રાજય સરકારની મોટાભાગની કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી રહેશે. કચેરીઓ પણ ખાલીખમ થઈ જતા સરકારી કામો કેટલાક દિવસો માટે અટકી પડે તેવી સંભાવના વર્તાઈ રહી છે. જયારે હવે દિવાળીમાં બહાર ફરવા જવાના ટ્રેન્ડને પગલે અન્ય રાજયોના પર્યટન સ્થળો માટે જતી ટ્રાવેલ્સ બસોના બુકીંગ પણ હાઉસ ફુલ થઈ ગયા છે. ત્યારે આગામી સમયમાં દિવાળીના દિવસોમાં પર્યટન સ્થળો પર માનવ મહેરામણ જોવા મળશે.

ચિરવિદાય

- સ્વ. સવિતાબેન ગોવિંદભાઈ વાઘેલા, ઉ.વ. ૭૬
- સ્વ. લસીબેન જવાનજી ઠાકોર, ઉ.વ. ૪૪
- સ્વ. કુબેરસિંહ બાલુજી ઠાકોર, ઉ.વ. ૩૮
- સ્વ. નવીનચંદ્ર સાંકલેશ્વર દવે, ઉ.વ. ૮૧